# બંધારણીય રીટ (Writs)

**રિટ એટલે શું ?**

→ રિટ એટલે ન્યાયાલય દ્વારા કાનૂની કે ન્યાયીક આજ્ઞા અથવા હુકમ કે તે મેળવવા માટે નાગરિક દ્વારા કરવામાં આવતી અરજી.

→ ભારતમાં બંધારણ મુજબ સર્વોચ્ચ અને ઉચ્ચ ન્યાયાલય પાંચ પ્રકારની રિટ બહાર પાડી શકે છે. જે નીચે મુજબ છે.

(1) **બંદી પ્રત્યક્ષીકરણ (હેબિયસ કોર્પસ/હાજર હુકમ)** (Habeas Corpus) :–

→ આ રિટને 'વૈયક્તિ સ્વતંત્રતા' નો પાયો ગણવામાં આવે છે.

→ આ લેટિન ભાષાનો શબ્દ છે. જેનો અર્થ થાય છે ' શરીરને હાજર કરો' (To have a body)

→ જ્યારે કોઈ વ્યક્તિને અન્ય કોઈ વ્યક્તિ કે અધિકારી દ્વારા ગેરકાયદેસર રીતે કેદમાં રાખ્યા હોય ત્યારે તે વ્યક્તિ અથવા અધિકારી વિરૂધ્ધ ન્યાયાલય દ્વારા ' હેબિયસ કોર્પસ' ની રિટ જાહેર કરવામાં આવે છે અને કેદમાં રખાયેલ વ્યક્તિને ન્યાયાલય સમક્ષ હાજર કરવાનું કહેવામાં આવે છે.

→ ન્યાયાલયને જો તપાસ કરતા તેની ધડપકડ કે કેદ કાયદા વિરૂધ્ધની લાગે તો તેને મુક્ત કરવાનો આદેશ કરી શકે છે.

(2) **પરમાદેશ (મેન્ડેમસ / અધિકારી હુકમ)** (Mandamus) :–

→ તેનો અર્થ થાય છે 'અમે આદેશ આપીએ છીએ'.

→ જ્યારે સાર્વજનિક નિગમ,અધિકારી કે અન્ય ન્યાયાલય પોતાની કાયદાકીય અને બંધારણીય જવાબદારીઓનું પાલન કરતા નથી ત્યારે સર્વોચ્ચ કે ઉચ્ચ ન્યાયાલય તેમની વિરૂધ્ધ પરમાદેશ રિટ આપે છે.

(3) **પ્રતિષેધ (પ્રોહિબિશન/પ્રતિબંધ હુકમ)** (Prohibition) :–

→ આ માત્ર ન્યાયિક અને અર્ધન્યાયિક સંસ્થાઓની વિરૂધ્ધ જ આપવામાં આવે છે.

→ તેનો અર્થ 'અટકાવવું' એવો થાય છે.

→ જ્યારે તાબા હેઠળની નીચલી અદાલતો પોતાના ન્યાયક્ષેત્રની બહાર જઈ કોઈ કેસની સુનવણી કરે છે ત્યારે તેમને અટકાવવા સર્વોચ્ચ અથવા ઉચ્ચ ન્યાયલ તાબા હેઠળની અદાલતો વિરૂધ્ધ પ્રોહિબિશન રિટ બહાર પાડે છે.

→ પ્રોહિબિશન રિટ ત્યારે જ બહાર પાડવામાં આવે છે જ્યારે ન્યાયિક પ્રક્રિયા ચાલુ હોય.

(4) **ઉત્પ્રેષણ(સર્ટીઓરરી)** (Certiorari) :–

→ આ ન્યાયિક, અર્ધન્યાયિક ઉપરાંત વહીવટી સંસ્થાઓની વિરૂધ્ધમાં આપવામાં આવે છે(ઈ.સ 1991 ના સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદા મુજબ)

→ તેઓનો અર્થ 'જાહેર કરવું' અથવા 'સૂચના આપવી' એવો થાય છે.

→ જ્યારે તાબા હેઠળની અદાલતો અથવા વહીવટી અધિકારી કે સંસ્થા પોતાના કાર્યક્ષેત્રની બહાર જઈ કોઈ કેસની સુનવણી કરે છે ત્યારે તેમને અટકાવવા સર્વોચ્ચ અથવા ઉચ્ચ ન્યાયાલય તાબા હેઠળની અદાલતો કે વહીવટી અધિકારી કે સંસ્થા વિરૂધ્ધ સર્ટીઓરરી રિટ બહાર પાડે છે.

→ ઉત્પ્રેષણ રિટ ત્યારે જ બહાર પાડવામાં આવે છે જ્યારે કોઈ બાબતમાં નિર્ણય અપાઈ ચૂક્યો હોય.

(5) **અધિકાર પૃચ્છા (કો–વોરન્ટો/અધિકાર ભંગ હુકમ)** (Quo-warranto) :–

→ જ્યારે કોઈ વ્યક્તિ દ્વારા ગેરકાયદેસર રીતે કોઈ સાર્વજનિક પદ ગ્રહણ કરવામાં આવે છે ત્યારે આ રિટ સર્વોચ્ચ કે ઉચ્ચ ન્યાયાલય દ્વારા જાહેર કરવામાં આવે છે.

✓ **સશસ્ત્રબળો માટે મૂળભૂત અધિકારોની મોકૂફી :–**

→ અનુચ્છેદ–33 પ્રમાણે સશસ્ત્ર દળો, અર્ધ સૈનિક દળો, જાહેર વ્યવસ્થાની કામગીરી સંભાળનાર પોલીસ દળો, ગુપ્ત જાસૂસી એજન્સીઓ અને તેમના સંગઠન(કોમ્યુનિકેશન) માટે સ્થાપેલી ટેલિકોમ્યુનિકેશન પધ્ધતિઓમાં રહેલા સભ્યો(વ્યક્તિઓ)માં તેમની ફરજો યોગ્ય રીતે પળાય અને તેમની અંદર શિસ્ત જળવાય તે માટે તેમના મૂળભૂત અધિકારોને નિયંત્રિત કરવા અથવા ઘટાડવા સંસદ કાયદા ઘડી શકશે.

→ આ સત્તા માત્ર સંસદને છે. રાજ્ય વિધાન મંડળને નહિ.

✓ **માર્શલ લો સમયે મૂળભૂત અધિકારોની મોકૂફી :–**

→ અનુચ્છેદ–34 પ્રમાણે કોઈ વિસ્તારમાં લશ્કરી કાયદો અમલમા હોય તે દરમિયાન આ ભાગ(ભાગ–3)થી અપાયેલા મૂળભૂત અધિકારો ઉપર નિયંત્રણ લાદવા કે તેમને ઘટાડવા સંસદ કાયદો ઘડી શકશે.

→ આ સત્તા પણ માત્ર સંસદને છે. રાજ્ય વિધાનમંડળને નહિ.

✓ **કેટલાક મૂળભૂત અધિકારોને કાયદાથી અમલમાં લાવવાની સંસદની સત્તા :–**

→ અનુચ્છેદ–35 મુજબ આ ભાગ(ભાગ–3)ની જોગવાઈઓને અસરકારક બનાવવા માટે કાયદા બનાવવા બાબતે.

→ અનુચ્છેદ–35 મુજબ નીચેની બાબતોમાં કાયદો બનાવવાની સત્તા માત્ર સંસદને રહેશે.રાજ્ય વિધાનમંડળને નહિ.

(1) અનુચ્છેદ–16, અનુચ્છેદ–32, અનુચ્છેદ–33 અને અનુચ્છેદ–34 ની જોગવાઈઓને અસરકારક બનાવવા અને કાયદો બનાવવા બાબતે.

(2) અનુચ્છેદ–17 અને અનુચ્છેદ–23ની જોગવાઈ અંતર્ગત શિક્ષાત્મક કાયદો બનાવવા બાબતે.

## યાદ રાખો

→ ભારતના બંધારણનો અનુચ્છેદ–32 માં બંધારણીય ઈલાજોના ઉપચારની જોગવાઈ દર્શાવે છે.

→ વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણ માટે ન્યાયાલય દ્વારા હેબિયસ કોર્પસ રિટ અપનાવે છે.

→ ક્વો વોરન્ટો રિટ ગેરકાયદેસર સરકારી હોદ્દાને પચાવી પાડવાના વિરૂધ્ધમાં આવે છે.

→ સંપત્તિનો અધિકાર હવેથી કાયદાકીય અધિકારી ગણાય છે.

→ મત આપવાનો અધિકાર એ નાગરિક અધિકારનો પ્રકાર છે.

→ બંધારણના અનુચ્છેદ–19(1)(g)માં સંપૂર્ણ ભારતમાં વ્યવસાય,ધંધો રોજગાર કરવાની સ્વતંત્રતા આપવામા આવી છે.

→ અનુચ્છેદ–32ને ડો.બાબાસાહેબ આંબેડકરે ***'બંધારણનો આત્મા અને હૃદય'*** કહ્યો છે.

→ જમ્મુ–કશ્મીર રાજ્યમાં માહિતીનો અધિકાર અને શિક્ષણનો અધિકાર લાગુ પડતો નથી.

→ રાઈટ ટુ એજ્યુકેશન–2009નો કાયદો 1 એપ્રિલ 2010થી શરૂ થયો છે.

→ માહિતીનો અધિકાર અધિનિયમ–2005એ 12 ઓક્ટોબર 2005થી અમલમાં છે.